આઈસીએઆર – અખિલ ભારતીય સંકલિત સંશોધન યોજના (ફળ)

NAVSARI AGRICULTURAL UNIVERSITY

ફળ સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
ગણદેવી – ૩૯૬ ૩૬૦

ICAR

ડો. એ.પી.પટેલ
સહ સંશોધન વૈજ્ઞાનિક (ફળ)

Email: frsgandevi@nau.in
મો. ૯૪૨૭૧ ૧૨૯૪૭

જા. નં. સસંવૈ/ફસકે/ટી-૧/ ૪૯૬ /૨૦૨૪, ગણદેવી                તા. ૩૦-૦૩-૨૦૨૪

# -: જાહેરાત :-

આથી તમામ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોને જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના ફળ સંશોધન કેન્દ્ર, ગણદેવી, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, નવસારી અને કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરિયા (ઉદવાડા) હસ્તકની નર્સરી માથી આંબા તેમજ ચીકુની ભેટ કલમ, સેડલ એપ્રોચ ગ્રાફ્ટીંગ કલમ અને ચીપિયા કલમ તેમજ નાળીયેરીની વિવિધ જાતોના રોપાનું વેચાણ કરવામાં આવે છે. જે માટે ઓન-લાઇન અરજીઓ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૪ (૧-૪-૨૦૨૪) થી ૧૫મી એપ્રિલ, ૨૦૨૪ (૧૫-૦૪-૨૦૨૪) સુધી સ્વીકારવામાં આવશે. આંબા તેમજ ચીકુ ની કલમો તેમજ નાળીયેરીના રોપ માટેની અરજી નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઇટ **www.nau.in** પરથી ભરી શકશે અથવા સીધું **https://eshop.nau.in** વેબસાઇટ ઓપન કરી કલમ /રોપાની નોધણી કરાવી શકશે. ઓનલાઇન કરેલ અરજીઓ જ ગ્રાહ્ય રાખવામા આવશે. જે માટે સૌ પ્રથમ વેબસાઇટ **www.nau.in** પર જઇ **Home Page** પર જવું. ત્યાર બાદ નીચે આપેલ વિવિધ ખાના માથી **e-shop** પર જવું અને **Farmer Registration** (ખેડૂત તરીકેની નોધણી) કરવું. ત્યાર બાદ ફરીથી **e-shop** પર જવું અને **Sign in** કરવુ એટલે વિવિધ કેન્દ્રોની જાહેરાત દેખાશે. જે કેન્દ્ર પરથી કલમ લેવી હોય તે કેન્દ્રની જાહેરાત ખોલી માંગ્યા મુજબની વિગતો ભરી કલમ નોધણી કરવી. ભેટ કલમ અને સેડલ એપ્રોચ ગ્રાફ્ટીંગ કલમની ફાળવણી અંદાજે ઓગસ્ટ માસમાં કરવામાં આવશે જ્યારે ચીપિયા કલમ ઓક્ટોબર માસમાં આપવામાં આવશે. તે માટે રજીસ્ટર મોબાઈલ ઉપર **SMS** આવશે ત્યારે ખેડૂત ખાતેદારના પુરાવા તરીકે **૭-૧૨** અને **૮-અ** (ઓરીજીનલ) અને **આધાર કાર્ડની** નકલ જે તે કેન્દ્ર ખાતે આપી આપની કલમ લઈ જવાની રહશે.

વધુમાં ખેડૂતોને નોધણીમાં અગવડતા પડે તો ઉપરના કેન્દ્રો ઉપર રૂબરૂ જય પોતાની નોધણી કરાવી શકશે. જે માટે આદારકાર્ડ અને ૭-૧૨ અને ૮-આ ની નકલ તેમજ રજીસ્ટર્ડ મોબાઈલ સાથે લઈ આવવું.

સરકારી અને અર્ધા સરકારી સંસ્થાઓએ કલમ મેળવાવા માટે ઓનલાઇન અરજી ન કરતા સીધા જે તે કેન્દ્રમાં લેખિત અરજી કરવાની રહેશે.

સહ સંશોધન વૈજ્ઞાનિક (ફળ)
ફળ સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
ગણદેવી